# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૫/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે 'વિસડમ ઓફ બિઝનેસ' વિશે સેમિનાર યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે એસઆરકે ઈન્સ્ટીટયુટ ઓફ સ્કિલ્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'વિસડમ ઓફ બિઝનેસ: એકસપીરિયન્સ ધ પાવર ઓફ નેટવર્કિંગ એન્ડ ગ્રોથ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસઆરકેકેએફના ચીફ ઓપરેટિંગ ઓફિસર તેજલ પારેખે ઉદ્યોગ સાહસિકોને સફળ બિઝનેસના મહત્વના પાસાઓ વિશે માહિતી આપી હતી.

એસઆરકેકેએફના ચીફ ઓપરેટિંગ ઓફિસર તેજલ પારેખે 'વિસડમ ઓફ બિઝનેસ' વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે બિઝનેસનો ગ્રોથ કેવી રીતે કરવો? અને સફળ બિઝનેસ માટે કેવું મેનેજમેન્ટ હોવું જોઈએ?, લીડરશીપ કેવી રીતે કરવી? તેમજ ટીમ વર્કમાં કેવી રીતે કાર્ય કરાવવું? વિશે એક્ટિંગ થકી વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે એસઆરકે નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ કમલેશ યાજ્ઞિકે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન કૃતિકા શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઈઝર સ્વાતી શેઠવાલાએ સેમિનારનું સંચાલન કર્યું હતું અને એડવાઈઝર જ્યોત્સના ગુજરાતીએ તમામ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલા તથા અન્ય મહિલા સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. વકતાએ મહિલા સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.